# IN THE COURT OF PRINCIPAL CIVIL JUDGE & J.M.F.C., AT MAHEMDAVAD, DIST.- KHEDA.

## :: આંક–૦૫ લગત હુકમ ::

(૧) વાદીઓએ હાલનો દાવો પ્રતિવાદી સામે મનાઈ હુકમ મેળવવા માટે દાખલ કરેલ છે. સદર દાવાના કામે વાદીએ પ્રતિવાદી સામે હાલની કામ ચલાઉ મનાઈ હુકમની અરજી આપેલ છે. સદર અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીઓના પિતાશ્રીની સબ ડીસ્ટ્રીક્ટ મહેમદાવાદની મોજે વાંઠવાળી મધ્યે આવેલી સીટી સર્વે નં.૧૦૪૭, જેનુ ક્ષેત્રફળ ૭૮૮–૬૭ ચો.મી જેનો સતા પ્રકાર “એ” વાળી મિલકત તેમની સ્વતંત્ર કબજા ભોગવટાવાળી આવેલ હતી. સદર મિલકત વાદીઓના પિતાશ્રી પાસે પ્રા.વાદી નં.૩ નાઓ મારફતે પ્રા.વાદી નં.૧ અને ૨ નાઓ આવેલ. વાદીઓના પિતાશ્રીને નાણાકીય ભીડ હોવાથી તેઓશ્રીને કોમર્શિયલ બાંધકામ કરવા વેચાણ રાખવા અંગેની વાતચીત કરતા વાદીઓના પિતા પાસેથી સદરહું મિલકત અંગેનો સોદો નક્કી કરતા ૧૦૦ ચો.મી ના ૩,૦૦,૦૦૦/– લેખે ૭૮૮–૬૭ ચોમી ના રૂા.૨૩,૬૬,૦૦૦/– વેચાણ કિંમત નક્કી કરવામા આવેલી. તેમના પિતાશ્રીને પ્ર.વાદી નં.૧,૨ અને ૩ નાઓએ તા.૩૧/૦૮/૨૦૨૦ ના રોજ વેચાણ દસ્તાવેજ કરવાનુ જણાવતા વાદીઓના પિતાશ્રી મહેમદાવાદ મુકામે સબરજીસ્ટ્રાર કચેરીમા ગયેલા અને તેઓ કાયદાના અભણ અને અજ્ઞાન હોઈ તેમને આડુઅવળુ સમજાવીને રૂા.૫૦,૦૦૦/– નો ચેક તેમજ રોકડા રૂા.૯,૫૦,૦૦૦/– આપેલા તેમજ બાકીના રૂા.૧૩,૬૬,૦૦૦/– પેટે રૂા. ૧૦,૦૦,૦૦૦( દસ લાખ) ના બે ચેકો જેનો ચેક નં. ૧ –૦૪૨૦૦૯ જે રૂા. ૫,૦૦૦,૦૦/– હલધરવાસ શાખાનો બેંક ઓફ ઇંન્ડીયાનો તા. ૨૫/૧૦/૨૦૨૦ નો તથા બીજો ચેક નં.૦૪૨૦૦૮ જે રૂા. ૫,૦૦,૦૦૦/– હલધરવાસ શાખાનો બેંક ઓફ ઇંન્ડીયાનો તા.૨૫/૧૦/૨૦૨૦ નો આપેલો. તેમજ રૂા.૩,૬૬,૦૦૦/– રોકડા ત્રણ માસમા ચુકવી આપવાનો વાયદો આપેલો. વાદીઓના પિતાશ્રીને પ્રા.વાદી નં. ૧ અને ૨ નાઓએ વેચાણ દસ્તાવેજ કરતી વખતે જણાવેલ કે, અમો સ્ટેમ્પ ડ્યુટી વેચાણ કિંમતથી વધુ ન ભરવી પડે તેટલા માટે વેચાણ દસ્તાવેજમાં રૂા.૬,૦૦,000/– બતાવેલી છે. જેથી તેઓની ઉપર વિશ્વાસ અને ભરોસો રાખજો. તમોશ્રીને વેચાણ કિંમતની બાકી તમામ રકમ ચુકવી દઇશુ. તેવી ખાતરી આપેલી. આમ વાદીઓના પિતાશ્રીની સબ ડીસ્ટ્રીક્ટ મહેમદાવાદની મોજે વાંઠવાળી મધ્યે આવેલી સીટી સર્વે નં.૧૦૪૭, જેનુ ક્ષેત્રફળ ૭૮૮–૬૭ ચો.મી જેનો

સતા પ્રકાર “એ” વાળી મિલકતનુ પ્રા.વાદી, નં.૧ અને ૨ નાઓએ ૧૦૦ ચો.મીના રૂા.૩,૦૦,૦૦૦/– લેશો. ૭૮૮–૬૭ વાળી ચોમી ના કુલ રૂા. ૨૩,૬૬,૦૦૦/– રોકડા કર્યા બાદ વેચાણ દસ્તાવેજ કરતી વખતે રૂા .૫૦,૦૦૦/– તથા ૯,૫૦,૦૦૦/– રોકડા ચુકવીને તથા ૧૩,૬૬,૦૦૦/– બાકી બતાવીને વેચાણ દસ્તાવેજમા સહી અંગુઠાનુ નિશાન કરાવી દીધેલ તેમજ નક્કી કર્યા મુજબનો વેચાણ કિંમત પેટે રૂા.૧૦,૦૦,૦૦૦/– આપેલ. તેમજ બાકીના રૂા.૧૩,૬૬,૦૦૦/– પેટે બે ચેકો દરેક ચેકમા રૂા.૫,૦૦,૦૦૦/– ની રકમ ભરેલ તથા બાકીમા રૂા.૩,૬૬,૦૦૦/– ત્રણ માસમા ચુકવવાનો વાયદો કરેલો. પરંતુ સદરહુ મિલકતનો વેચાણ દસ્તાવેજ કર્યા બાદ આકસ્મીક રીતે બીમાર થઇ જતા પથારી વશ થઈ ગયેલા. જેથી આ કામના પ્ર.વાદી નં.૧ અને ૨ નાઓ પાસેથી બાકી પડતી રકમ તથા પ્ર.વાદીએ આપેલ ચેક બેંકમાં જમા કરાવી શકેલ નહી. વાદીઓના પિતા બિમાર હોઇ અને પથારીવશ હોઇ તા.૦૧/૦૧/૨૦૨૧ ના રોજ ગુજરી જવાથી તેમની કર્મક્રિયા પુરી થતા દોઢ માસ બાદ પ્રા.વાદી નં.૧ અને ૨ નાઓની પાસે લેણી રકમ અંગેની માંગણી કરતા લેણી નિકળતી રકમ રૂા.૧૩,૬૬,૦૦૦/– ની માંગવી કરતા પ્રા.વાદી નં.૧ અને ર નાઓએ વિશ્વાસ અને ભરોસો આપેલો કે પાંચ પાંચ લાખના બન્ને ચેકો ભલે જમા કરાવ્યા નથી અને રોકડા રૂા.૩,૬૬,૦૦૦/પણ આપી શકેલ નથી. જે તમામ બાકી નિકળતા નાણા છ માસની અંદર ભરપાઇ કરી દઇશુ તેવી ખાતરી આપતા વાદીઓ પ્રા.વાદી નં.૧ અને ૨ નાઓનો વિશ્વાસ અને ભરોસો રાખીને બાકી નિકળતા નાણા માંગેલા નહી. વાદીઓને આપેલ વિશ્વાસ અને ભરોસા મુજબ બાકી પડતી રકમ રૂા.૧૩,૬૬,૦૦૦/– છ માસ વિત્યા બાદ આ કામના પ્રા.વાદી નં. ૧ અને ર નાઓ પાસે માંગણી કરવા છતા જુદા જુદા બહાના બતાવીને નાણા ચુકવવામા ગલ્લાતલ્લા કરતા હતા. જેથી વાદીઓ તેમજ પ્રા.વાદી નં.૪,૫,૬,૭ નાઓએ ભેગા મળી ઉઘરાણી કરતા આ કામના પ્રા.વાદી નં. અને ર નાઓ ઉશ્કેરાઇ જઇને કહેવા લાગેલા હવે તમારી મિલકત અમારા નામે થઇ ગયેલ છે. તેમજ તેમાં અમોએ પાકુ બાંધકામ કરી દીધેલ હોવાથી તમારુ કંઇ વળશે નહી. જેથી હવેથી પૈસા માંગતા નહી. અને તમોને આપેલ ચેક અનવેલિડ થઇ ગયેલ હોવાથી તમો ચેક જમા કરાવશો તો પણ નાણા મળશે નહી. આ ઉપરાંત પ્રા.વાદીઓએ ધમકીઓ આપેલી કે, પોલીસ અમારા હાથમાં હોવાથી તમારુ કાંઇ વળશે નહી તેવી ધમકીઓ આપતા વાદીઓના પિતાશ્રીની મિલકતનો આ કામના પ્રા.વાદીઓએ દસ્તાવેજ કરીને અધુરી રકમ આપીને તેમના નામે થઇ જતા તેમજ સદર મિલકતમાં પાકુ બાંધકામ કરવા માટે

ખોટા–ખોટા વાયદાઓ કરીને અડધુ બાંધકામ થઈ જતા બાકી નાણા ચુકવવા માટે હાથ અધ્ધર કરી દેતા વાદીઓ તથા પ્રા.વાદી નં.૪,૫,૬ અને ૭ નાઓને ખાતરી થયેલી કે આ કામના પ્રા,વાદી નં.૧,૨ ૩ નાઓ ભેગા મળી તેઓને આપેલ વિશ્વાસ અને ભરોસાને ભંગ કરીને નાણા ચુકવતા નથી. પરંતુ આ કામના પ્રા.વાદી નં.૧ અને ૨ નાઓ માથાભારે હોઇ તેમજ પ્રા.વાદી નં.૪,૫,૬ અને ૭ નાઓ ને ચુકવેલા નાણામાંથી પૈસા મળેલા હોવાથી તથા પ્રા.વાદી નં. ૧ અને ૨ ના ડરને કારણે વાદીઓને સાથ સહકાર આપતા નથી. વાદીઓના પિતાશ્રી અબ્દુલભાઇ અકબરમીયાં મલેક નાઓની ભોગવટાવાળી આવેલ હતી જેનું ખુંટ વર્ણન નીચે મુજબ છે.

પૂર્વ:– ગામમા જવા–આવવા માટેનો રોડ આવેલો છે.

પશ્ચિમે: ફળિયાનો આર.સી.સી રોડ આવેલ છે.

ઉત્તર:– સિકંદરભાઇ નવાઝેકભાઇની દુકાન

દક્ષિણે:– રસુલભાઇ અશરફભાઇનો વાડ આવેલ છે.

એ રીતે ખુંટ વચ્ચેની મિલકત આ દાવાની વાદગ્રસ્ત મિલકત આવેલી છે. વાદીઓના પિતાશ્રીની સબ ડીસ્ટ્રીક્ટ મહેમદાવાદની મોજે વાંઠવાળી મધ્યે આવેલી સીટી સર્વે નં.૧૦૪૭, જેનુ ક્ષેત્રફળ ૭૮૮–૬૭ ચો.મી જેનો સતા પ્રકાર "એ" વાળી મિલકત તેમની સ્વતંત્ર કબજા ભોગવટાવાળી મિલકત અંગે આ કામના પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓએ અમારા પિતાશ્રીના નામે મિલકત અંગેનો વેચાણ બાકીની રકમ મળી કુલ રૂા.૧૩,૬૬,૦૦૦/– ના ખોટા–ખોટા વાયદાઓ કરીને અડધુ બાંધકામ થઇ ગયા બાદ બાકીની રકમ ચુકવવામાં આનાકાની કરીને નાણા ચુકવતા ન હોવાથી તેમજ પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓ માથાભારે તેમજ સરકારી કચેરીઓમાં લાગવગ ધરાવતા હોઇ ડરના માર્યા પ્રતિવાદી નં. ૪,૫,૬ અને ૭ કોઇ કાર્યવાહી કરવા તૈયાર થતા નહોઇ પરંતુ વાદીઓની તેમના પિતાશ્રીની મિલકતમા હક્ક–હિસ્સો આવેલો હોઇ પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓ વાદીઓ બાકી પડતા રૂ.૧૩,૬૬,૦૦૦/– ન ચુકવે ત્યાં સુંધી સદરહુ વાદગ્રસ્ત મિલકતમા પ્રતિવાદીઓ કે તેમના મળતિયાઓ, એજન્ટો, એસાઇનીઓ, કુલમુખત્યારનાઓ વિગેરેનાઓ કોઇ બાંધકામ કરે કરાવે નહી તેવો જાથુનો મનાઇહુકમ મેળવવો ખુબજ જરૂરી છે. જો વાદીઓને માંગ્યા મુજબ મનાઇ હુકમ આપવામાં ન આવે તો તેમનો હક્ક છીનવાઇ જાય. જેથી નાણાકીય ભરપાઇ થઇ શકે નહી. વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ છે તેમજ બેલેન્સ ઓફ કંવીનીયંસ તેમના લાભમા છે. જેથી માંગ્યા મુજબનો મનાઇ હુકમ ફરમાવવા મહે. કરશોજી. સબબ અરજ

કરવાની કે...(અ) આ કામના પ્રા.વાદીઓ મોજે વાંઠવાળી, તા. મહેમદાવાદની મધ્યે આવેલી સીટી સર્વે નં.૧૦૪૭, જેનુ ક્ષેત્રફળ ૭૮૮–૬૭ ચો.મી જેનો સતા પ્રકાર "એ" વાળી મિલકતના બાકી નિકળતા રૂા.૧૩,૬૬,૦૦૦/– તથા વ્યાજ સહિત નાણા ન ચુકવે તો આ કામના પ્રતિવાદી નં. ૧, અને ૨ નાઓએ વાદીઓની મિલકત અંગે કરેલ વેચાણ દસ્તાવેજ નો અમલ કરે કરાવે નહી તેમજ સદર મિલકતમા બાંધકામ કરે કરાવેનહી કે કોઇપણ પ્રકારનુ વેચાણ, બક્ષિસ, ગીરો, કરે કરાવે નહી તેવો હુકમ કરવા ન્યાયના હિતમા મે. કરશોજી. (બ) વાદીઓની સબ ડીસ્ટ્રીક્ટ મહેમદાવાદની મોજે વાંઠવાળી મધ્યે આવેલી સીટી સર્વે નં.૧૦૪૭, જેનુ ક્ષેત્રફળ ૭૮૮–૬૭ ચો.મી જેનો સતા પ્રકાર "એ" વાળી મિલકત તેમની સ્વતંત્ર કબજા ભોગવટાવાળી આવેલી હતી. સદરહુ વાદગ્રસ્ત મિલકતમા પ્રતિવાદીઓ કે તેમના મળતિયાઓ, એજન્ટો, એસાઇનીઓ, કુલમુખત્યારનાઓ વિગેરેનાઓ કોઇ બાંધકામ કરે કરાવે નહી તેવો જાથુનો મનાઇહુકમ આપવા મહે. કરશોજી.(ક) આપ નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવો હરકોઇ હુકમ કરવા ન્યાયના હિતમાં મે. કરશોજી.

(૨) સદર અરજી લગત પ્રતિવાદી સામે એકતરફી મનાઈ હુકમ આપતા પહેલાં પ્રતિવાદી ને સાંભળવા જણાતા હોય પ્રોસેસ–ફી ભરેથી તેમજ જરુરી નકલ–ફી ભરેથી પ્રતિવાદી સામે અરજન્ટ નોટીસ કાઢવાનો હુકમ કરેલ છે જે નોટીસ પ્રતિવાદીને ધારા ધોરણસર બજી જતાં પ્રતિવાદીએ આંક–૧૯ થી વાદીની હાલની અરજી સામે લેખીત જવાબ રજુ રાખી કબુલ કર્યા સીવાયની તમામ હકીકતનો ઈન્કાર કરી ખરી હકીકતે જણાવેલ છે કે, મોજે વાંઠવાળી, તા.મહેમદાવાદ, જિ.ખેડાની મધ્યે આવેલ સીટી સર્વે નં.૧૦૪૭ જેનું ક્ષેત્રફળ ૭૮૮.૬૭ ચો.મી જેનો સત્તા પ્રકાર "એ" વાળી મિલ્કત પ્રતિવાદી નં.૧,૨ નાઓએ આ કામના વાદીના પિતા અબ્દુલભાઇ અકબરભાઈ મલેક નાઓએ રાજીખુશીથી રૂા.૬,૦૦,૦૦૦/– પુરાનો કાયદેસરનો વેચાણ અવેજ તા.૩૧/૦૮/૨૦૨૦ ના રોજ સ્વીકારેથી તેઓએ મહેમદાવાદ સબ રજીસ્ટ્રાર કચેરી, મહેમદાવાદમાં હાજર થઈને રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. જે સબ રજીસ્ટ્રાર કચેરીમાં ૧૨૩૨/૨૦૨૦ થી નોંધાયેલ છે અને આ કામના વાદીની ગંદકીવાળી જગ્યા સાફસફાઇ કરીને અને રૂપિયા ખર્ચીને તેને પુરાણ કરીને કોમ્પ્લેક્ષ બનાવવા સારૂ પ્લાનીંગ કરીને તેનું કામકાજ કરતા તેઓની બદદાનત તેમજ લોકોની ચઢવણીથી તેઓએ પ્રતિવાદીઓની સામે ખોટી ખોટી હકીકતો જણાવીને નામદાર કોર્ટને અંધારામાં રાખીને આ કામના વાદીના પિતાશ્રી અબ્દુલભાઇ

અકબરભાઈ નાઓ ગુજરી ગયા બાદ દાવો પૈસાનો તોડ કરવાના ઈરાદે દાખલ કરેલ છે અને વાદીએ તેઓની હકીકત સ્પષ્ટ દસ્તાવેજી પુરાવાથી સાબિત કરવુ જોઇએ આ કામના પ્રતિવાદી નં.૩ નાઓએ સાક્ષી તરીકે સહી કરેલ છે. જેથી તેઓને પક્ષકાર તરીકે જોડેલ છે તો બીજા નંબરના સાક્ષીને કેમ જોડેલ છે તે માહિતી કેમ છુપાવેલ છે. આ કામના વાદીએ તેઓની દાવા અને મનાઇ અરજીમાં જણાવેલ છે કે રૂા.૧૩,૬૬,૦૦૦/– અંકે રૂપિયા તેર લાખ છાસઠ હજાર પુરા આ કામના પ્રતિવાદી નં.૧,૨ નાઓની પાસેથી લેવાના બાકી નીકળે છે તે હકીકત તદ્દન ખોટી અને ઉપજાવી કાઢેલી છે. સદરહું મિલ્કત પેટે આ કામના પ્રતિવાદી નં.૧,૨ નાઓએ આ કામના વાદીના પિતાશ્રીને કોઇ અવેજ ચુકવવાનો બાકી નથી. જેમા મનાઈ હુકમ મેળવવા માટે પ્રાઈમાફેસીકેસ, બેલેન્સ ઓફ કન્વીયન્સ અને ઈરરીપેરેબલ લોસ હોવુ જરૂરી છે. જેમાં પ્રાઈમાફેસી કેસ માટે લીગલ ટાઇટલ અને લીગલ પઝેશન હોવુ જરૂરી છે. આ કેસમાં વાદીનું લીગલ ટાઇટલ કે લીગલ પઝેશન નથી. જેથી વાદીનો પ્રાઈમાફેસી કેસ નથી બેલેન્સ ઓફ કન્વીયન્સ વાદીના લાભમાં નથી. જેથી વાદીને કોઈ જ નુકશાન થનાર નથી. જયારે પ્રા.વાદીનો પ્રાઈમાફેસી કેસ છે. બેલેન્સ ઓફ કન્વીયન્સ પ્રતિવાદી વાદીના લાભમાં છે અને જો વાદીને માંગ્યા મુજબ મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રા.વાદીઓને નાંણાથી ન વળી શકે તેવુ પારાવાર નુકશાન થાય તેમ છે. વાદીના દાવાનું કારણ ઉપસ્થિત થયેલ નથી. જેથી વાદીને માંગેલી દાદ મેળવવા હક્કદાર નથી. જો વાદીને માંગ્યા મુજબ મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રાવાદીને નાંણાથી ન વળી શકે તેવુ પારાવાર નુકશાન થાય તેમ છે. વાદીના દાવાનું કારણ ઉપસ્થિત થયેલ નથી. જેથી વાદીએ મનાઈ અરજી અને દાવા અરજીમાં માંગેલ દાદ મેળવવા હક્કદાર નથી જો વાદીને માંગ્યા મુજબ મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રા.વાદી નાઓ તેમની કાયદેસરની માલિકી કબજા ભોગવટાની મિલ્કત ગુમાવી બેસીએ તેમ છે અને આ વાદીઓ મનાઈ હુકમના ઓથા હેઠળ તેમની મિલ્કતનો છીનવી લે તેમ છે. આમ આ કામના વાદીએ તેઓને બીનજરૂરી ખર્ચમાં ઉતારવા માટે તેમની વિરુધ્ધ ખોટો દાવો કરેલ હોય આ વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી ખર્ચ સહિત રદ કરશોજી.

(૩) આ કામે વાદીઓએ પોતાની દાવા અરજી તથા મનાઈ અરજીના સમર્થનમાં આંક–૩ ના લીસ્ટથી નિ.૩/૧ થી નિ.૩/૫ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. પ્રતિવાદી તરફે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.

(૪) વાદીઓની દાવા અરજીના કથનો ધ્યાને લેતાં નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

*(૧) શું વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ છે. ?*

*(૨) શું સગવડતા–અગવડતાનું પલ્લુ વાદીઓની તરફેણમાં છે. ?*

*(૩) શું વાદીઓને માંગ્યા મુજબનો કામ ચલાઉ મનાઈ હુકમ આપવામાં ન આવે તો નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે. ?*

*(૪) શું હુકમ ?*

(૫) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ આપુ છુ.

(૧) હકારમાં,

(૨) હકારમાં,

(૩) હકારમાં

(૪) આખરી હુકમ.

**(૬)** આ કામે વાદી તરફે વિ.વ.શ્રી મૌખિકમાં વિગતવારની દલીલો સાંભળવામાં આવેલ છે.

**:: કારણો ::**

(૭) **મુદા નં.૧ થી ૩ ની સંયુકત ચર્ચા :**

મુદા નં.૧ થી ૩ ની હકીકતો પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય જેથી ચર્ચાનું પુનરાવર્તન અટકાવવાના હેતુથી તમામ મુદાઓની એકી સાથે ચર્ચા કરવામાં આવેલ છે. આ કામે વાદીની હાલની અરજી તેમજ રજુઆત મુજબ **સીવીલ પ્રોસેજર કોડ–૧૯૦૮, ઓર્ડર–૩૯, રૂલ–૧, ૨ તેમજ કલમ–૧૫૧ અન્વયે પ્રતિવાદીઓ સામે દાખલ કરી કામ ચલાઉ મનાઈ હુકમની માંગણી કરેલ છે. સદર અરજી નકકી કરતા પહેલાં કાયદાના પ્રબંધો જોઈએ તો, સી.પી.સી. ઓર્ડર ૩૯, રૂલ ૧,૨ મુજબ જયારે તકરારી મીલકત જો ખોટી રીતે નાશ પામતી હોય અથવા તો ગેરકાયદેસર તબદીલ થવાની હોય કે થયેલ હોય તેમજ પ્રતિવાદી તરફે જો નાશ કે તબદીલ કરવા માટે ધાક ધમકી આપવામાં આવતી હોય અથવા પ્રતિવાદી કે વાદીના કબજામાં બેદખલ કરવાનો પ્રશ્ન હોય અથવા કોઈ મીલકત સબંધી ગેરકાયદેર કાર્યવાહી થતી હોય તેવા સંજોગોમાં વાદી ન્યાયીક તેમજ**

**રક્ષણાત્મક દાદ મેળવવા હકકદાર બને છે. વધુમાં કામ ચલાઉ મનાઈ હુકમ આપતી વખતે એ ઘ્યાને લેવાનું હોય છે કે, કોર્ટ સમક્ષ જેના ઘ્વારા દાદ માંગવામાં આવેલ છે તે પ્રથમ દર્શનીય રીતે સંતોષકારક છે કે કેમ? પરંતુ એ જરુર નથી કે કોર્ટે કેસની ગુણં વતાની એવી ખાતરી કરવી કે દાદ માંગનાર અંતે સફળ થવાનો છે.**

આ કામે વાદી તરફે નિ.૩/૧ થી રજુ વેચાણ દસ્તાવેજ નં.૧૨૩૨/૧૦ ઘ્યાને લેતા તેમા વેચાણ રાખનાર તરીકે પ્રતિવાદી નં.૧ ,૨ તરીકે ભરતસીહ શનાભાઈ તથા હીતેશભાઈ શંકરભાઈ નુ નામ છે તથા વેચાણ આપનાર તરીકે વાદીઓના પિતા અબ્દુલભાઈ અકબરભાઈનુ નામ છે. તેમજ સદર વેચાણ થયેલ મીલકત વાઠવાળી, તા.મહેમદાવાદની સર્વે નં.૧૦૪૭ જેનુ ક્ષે.૭૮૮.૬૭ ચોમી. જે સત્તા પ્રકાર એ વાળી મીલકત જે ખુલ્લો પ્લોટ છે તે રૂા.૬,૦૦,૦૦૦/- લાખના અવેજથી વેચાણ આપેલાનુ સદર રજી. વેચાણ દસ્તાવેજમા જણાવેલ છે તથા સદર દસ્તાવેજ સાહેદો રુબરુ સબ રજીસ્ટાર કચેરી મહેમદાવાદ ખાતે તા.૩૧/૮/૨૦૨૦ ના રોજ રજીસ્ટર થયેલાનુ જણાય છે.

વધુમા નિ.૩/૨ થી રજુ નોટીસ ઘ્યાને લેતા વાદીએ પ્રતિવાદી નં.૧ થી ૩ તથા સં દીપભાઈ સોઢાને નોટીસ આપી જણાવેલ છે કે, સદર દાવાવાળી મીલકત જે સ્ટેમ્પ ડયુટી ઓછો ભરવો પડે તે માટે મીલકતની કિ.રૂા.૬૦૦૦૦૦/- પ્રતિવાદી નં.૧,૨ ના કહેવાથી તે બાબતનો દસ્તાવેજ બનાવેલ. તેમજ મીલકત વેચાણ કિંમત નકકી કરેલ રૂા.૨૩,૬૬,૦૦૦/- માથી રૂ.૧૦,૦૦,૦૦૦/- રોકડા આપેલા અને બાકીની રકમ પેટે દસ લાખ રુપીયાના બે ચેક નં.૪૨૦૦૦૯ રૂા.૫,૦૦,૦૦૦/- હલધરવાસ બેંક ઓફ ઈન્ડીયાનો તા.૨૫/૧૦/૨૦૨૦ નો તથા નં.૪૨૦૦૦૮ રૂા.૫,૦૦,૦૦૦/- હલધરવાસ બેંક ઓફ ઈન્ડીયાનો તા.૨૫/૧૦/૨૦૨૦ નો આપેલો તથા રૂા.૩,૬૬,૦૦૦/- રોકડા ત્રણ માસમા આપી દઈશુ તેવો વાયદો કરેલો. જે બાબતે પ્ર તિવાદી નં.૧,૨ નાએ રૂા.૧૩,૬૬,૦૦૦/- જમીન વેચાણ દસ્તાવેજના ચુકવેલ ના હોય અને તેઓના મળતીયા સાક્ષી નં.૩,૪ ભેગા મળી વેચાણ દસ્તાવેજ કરેલ અને વાદીના પિતાનુ નામ જમીનમાથી કઢાવી નાંખેલ. તેના થોડા સમય બાદ વાદીના પીતા ગુજરી

જતાં પ્રતિવાદી નં.૧,૨ સાથે વાત કરતા તેઓએ છ માસની અંદર તમામ રકમ રોકડેથી આપી દેવાનુ જણાવેલ જે રકમ વાદીને આપેલ હોય તે બાબતે વાદીએ પ્રતિવાદી નં.૧,૨ ને નોટીસ આપેલ છે તેમજ નિ.૩/૩ થી નોટીસ આપ્યાની પોસ્ટ ખાતાની સ્લીપ રજુ રાખેલ છે.

વધુમા નિ.૩/૪ થી રજુ ચેક નં.૪૨૦૦૦૯ રૂા.૫,૦૦,૦૦૦/– હલધરવાસ બેંક ઓફ ઈન્ડીયાનો તા.૨૫/૧૦/૨૦૨૦ નો છે જે લખી આપનાર તરીકે હીતેશભાઈ શંકરભાઈ પટેલનુ નામ છે તથા જે વ્યકિતને ચેક આપેલ છે તે નામ આ ચેકમા જણાવેલ નથી.

વધુમા નિ.૩/૫ થી રજુ ચેક નં.૪૨૦૦૦૮ રૂા.૫,૦૦,૦૦૦/– હલધરવાસ બેંક ઓફ ઈન્ડીયાનો તા.૨૫/૧૦/૨૦૨૦ નો છે જે લખી આપનાર તરીકે હીતેશભાઈ શંકરભાઈ પટેલનુ નામ છે તથા જે વ્યકિતને ચેક આપેલ છે તે નામ આ ચેકમા જણાવેલ નથી.

નિ.૩/૬ તથા નિ.૩/૭ થી રજુ નોટીસ પ્રતિવાદી નં.૧,૨ ને મળી ગયેલ હોય તે બાબતનુ એકનોલેજમેન્ટ સ્લીપ રજુ રાખેલ છે.

સદર કામે પ્રતિવાદી નં.૧,૨ , ૩ તરફે રજુ આંક–૧૯ વાળો જવાબ ધ્યાને લેતા તેમા જણાવેલ છે કે સદર મીલકત વાદીના પીતાએ રૂા.૬,૦૦,૦૦૦/– ના અવેજથી વેચાણ દસ્તાવેજ કરાવેલ હોય જે વેચાણ દસ્તાવેજમા જણાવ્યા મુજબની વિગત તેઓને અવેજની પુરેપુરી રકમ ચુકવી આપેલ છે તેમજ સદર દસ્તાવેજમા પ્રતિવાદી નં.૩ કે જે દસ્તાવેજના સાક્ષી છે તેઓની સહી છે તેઓને જોડેલ છે અને બીજા સાક્ષીને જોડેલ નથી. જેથી વેચાણ દસ્તાવેજ આધારે પ્રતિવાદી નં.૧,૨ દાવાવાળી મીલકતમા માલીક કબજેદાર થયેલ હોય વાદીની ઉપરોકત અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

સદર કામે રેકર્ડ પર આવેલ ઉપરોકત હકીકત ધ્યાને લેતા દાવાવાળી મીલકતનો વેચાણ દસ્તાવેજ રૂા.૬,૦૦,૦૦૦/– મા કરવામા આવેલ છે તેવુ જણાય છે. પરંતુ સદર હકીકત બાબતે વાદીએ સદર જમીન રૂા.૨૩,૬૬,૦૦૦/– ના અવેજથી વેચાણ આપેલાની હકીકત જણાવેલ છે અને તે બાબતના બે ચેક જે વાદીએ બેંકમા જમા કરાવેલ

નથી તે નિ.૩/૪, ૩/૫ થી રજુ કરેલ છે જે બંને ચેક વિશે પ્રતિવાદી નં.૧થી ૩ નાઓએ તેમના જવાબમા કોઈ ખુલાસો કરેલ નથી. જે ધ્યાને લેતા વાદીએ મનાઈ અરજીમા જણાવેલ વેચાણ કિમતની રકમની હકીકત નકારી શકાય નહી. વધુમા પ્ર તિવાદી નં.૧,૨, ૩ તરફે આ કામે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. જે તમામ હકીકત ધ્યાને લેતા વાદીનો પ્રાયમાફેસી કેસ જણાય આવે છે. તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં જણાય આવે છે. તેમજ વાદીની કામ ચલાઉ મનાઈ હુકમ આપવામાં ન આવે તો નાણાંમાં માપી શકાય નહી તેવું નુકશાન થાય તેમ જણાય આવે છે. જે ધ્યાને લેતાં મુદા નં.૧ થી ૩ નો નિર્ણય હકારમાં આપી મુદા નં.૪ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) વાદીઓની આંક–૫ ની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) પ્રતિવાદી નં.૧ થી ૩ નાને આથી એવો હુકમ કરવામા આવે છે કે, દાવાનો આખરી નિકાલ ના આવે ત્યાં સુધી મોજે વાંઠવાળી, તા.મહેમદાવાદની સીટી સર્વે નં.૧૦૪૭ જેનુ ક્ષે.૭૮૮.૬૭ ચોમી. વાળી મીલકતમાં પ્રતિવાદી નં.૧,૨ નાઓએ કે તેમના મળતીયાએ, એજન્ટ, એસાઈન, કુલમુખત્યાર નાઓએ સદર મીલકત ઉપર કોઈ બાંધકામ કરવુ કરાવવુ નહી કે કોઈ પણ પ્રકારનુ વેચાણ, બક્ષીસ કે ગીરો કરવો કરાવવો નહી.

(૩) આ દાવાનો ખર્ચ આખરી હુકમને પરીણામને અનુસરશે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**Date:-06/12/2024** **(MANAN S. SONI)**

**Mahemdavad.** **Principal Civil Judge,**

**Mahemdavad,JUDGE CODE:GJ01262.**